REGISTERED No. GRJ-24

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND
CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. XLII ] WEDNESDAY, 5th SEPTEMBER, 2001/ BHADRA 14, 1923, [ No. 30

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના, સુરત નં. ૪૫ (જહાંગીરપુરા-પીસાદ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

### અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ઉત્તરે | : | મોજે તારોલીનો સીમાડો |
| દક્ષિણે | : | નગર રચના યોજના, સુરત નં. ૪૪ (જહાંગીરાબાદ) તથા ૩૦ (રાંદેર) ની હદ |
| પૂર્વે | : | મોજે જહાંગીરપુરાનો બાકી રહેતો વિસ્તાર |
| પશ્ચિમે | : | મોજે વીહેલ તથા વણકલાંનો સીમાડો |

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઇપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધાસુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપરત કરશે, તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

(સહી) આચાર્ય,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા

સુરત
તા. ૪-૯-૨૦૦૧